**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના અમલ બાબત (ચોથો તબક્કો)**

**ગુજરાત સરકાર**
**નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ**
**ઠરાવ ક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર**
**સચિવાલય, ગાંધીનગર**
**તા-૧ એપ્રિલ ૨૦૦૫**

**પૂર્વભૂમિકા :**

સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતના વિસ્તારમાં સરકાર અને પ્રજાના સહયોગથી જળસંચય માટે ચેકડેમના કામો સંદર્ભ-૧ માં દર્શાવેલ સરકારશ્રીના તારીખ ૧૭-૦૧-૨૦૦૦ ના ઠરાવથી સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ૬૦ ટકા સરકારી ફાળા તથા ૪૦ ટકા લોકફાળાથી અમલમાં મૂકાયેલ. આદિવાસી વિસ્તારોમાં ૮૦:૨૦માં આ યોજના હેઠળ અત્યાર સુધી ચેકડેમો બનાવવામાં આવે છે. આ યોજનાને પ્રજા તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળેલ છે. અત્યાર સુધીમાં આ યોજના અંર્તગત ત્રણ તબક્કાની કામગીરીમાં લગભગ ૪૪,૦૦૦ ચેકડેમોના કામો થયેલા છે. આ સઘળા ચેકડેમોના કારણે ભૂગર્ભજળના સ્તરોમાં સુધારો જોવા મળેલ છે.

સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજનાના વહીવટી, તાંત્રિક ,આર્થિક, સામાજીક તથા પર્યાવરણીય જેવા તમામ પાસાઓનો અભ્યાસ , સ્વતંત્ર મૂલ્યાંકન અને સૂચનો માટે ગુજરાત સરકાર દ્વારા ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ ને અભ્યાસ સોંપવામાં આવેલ. ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદે આપેલ તેમના અભ્યાસ અહેવાલ તારણમાં આ યોજનાના પરિણામોની વિશદ ચર્ચા કરતાં જણાયેલ છે કે આ યોજના ગુજરાત રાજ્યના જળ સંકટનાં કાયમી નિવારણ માટે અત્યંત લાભદાયી અને લોકભાગીદારીને સાંકળતી હોવાથી ગુજરાત

સરકારે આ યોજનાને ટોચઅગ્રતા આપી તેને વધુમાં વધુ સફળતા સાંપડે તે માટેના તમામ પ્રયત્નો કરવાં જોઇએ.

લગભગ બે વર્ષથી જળસંપત્તિ વિકાસ નિગમ થકી ઔદ્યોગિકગૃહો અને સેવાભાવી સંસ્થાઓના સહયોગથી સૌરાષ્ટ્રની મોટી નદીઓ પર ચેકડેમો બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવેલ છે. ૧૭૫ ચેકડેમો અત્યાર સુધીમાં બનેલ છે જેના કારણે મોટા પ્રમાણમાં જળસંચય થઈ શકેલ છે.

રાજ્યના ખેડુતોના લોકજૂથોની માંગણીઓ તેમજ જરુરીયાતોને તેમજ નદીઓ પરના મોટા ચેકડેમો દ્વારા મળેલ પરિણામો પરથી રાજ્ય સરકારે સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજનાના ચોથા તબક્કાનું આયોજન કરેલ છે. અગાઉના તબક્કામાં આ યોજના હેઠળ હાથ ધરેલ કામગીરીમાંથી સરકારશ્રીને મળેલ અનુભવ, પ્રાયોજકોની બાંધકામ માટેની આવડત અને તેમને સાંપડેલ અનુભવ વગેરે બાબતોને લક્ષમાં લઇ આ યોજનાના ચોથા તબક્કામાં ચેકડેમની સ્થળપસંદગી, આલેખન, મંજૂરીની વહીવટી પ્રકીયા, બાંધકામ, અને તેની ગુણવત્તાની ચકાસણી વગેરે બાબતોમાં કેટલાક ફેરફારો કરવા સાથે આ યોજના ચોથા તબક્કામાં નીચે જણાવેલ શરતોને આધીન રહી અમલમાં મુકવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :**

સમગ્ર કામગીરીમાં નીતિવિષયક જોગવાઈઓ ખેડુત લોકજૂથ દ્વારા બનાવવામાં આવતાં ચેકડેમો અને ઔદ્યોગિક ગૃહો તેમજ સેવાભાવી સંસ્થાઓ દ્વારા બનાવવામાં આવતાં મોટા ચેકડેમો માટે અલગ અલગ કરવી જરૂરી હોઈ નીચે પ્રમાણેના નિયમો પ્રમાણે કામગીરી કરવાની રહેશે.

**નદીઓ પર ઔદ્યોગિકગૃહો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા બનાવવામાં આવતાં ચેકડેમો :**

સ્થાનિક વોકળા સિવાય મોટી નદીઓ અથવા જળસંપત્તિ વિભાગ દ્વારા આઈડીન્ટીફાઈડ રીવર તરીકે ગણાતી તમામ નદીઓ પરના ઓછામાં ઓછા ૧૦ ચો.કિ.મી મુક્ત સ્ત્રાવક્ષેત્ર ધરાવતાં ચેકડેમો જેની ઓછામાં ઓછી ઉંચાઇ ૨.૦ મીટર હોય તેવા કોઇ પણ કિંમતના ચેકડેમોનો આ પ્રકારના ચેકડેમોમાં સમાવેશ થશે. આ ઉપરાંત સ્થાનિક વોકળા ઉપરના રૂ. ૩ લાખથી વધુ અંદાજિત કિંમત ધરાવતાં પરંતુ રૂ. ૧૫ લાખની મર્યાદામાં અંદાજીત કિંમત હોય તેવા ચેકડેમોનો પણ સમાવેશ આ પ્રકારના ચેકડેમોમાં થશે અને તેમને નીચેની જોગવાઈઓ લાગુ પડશે.

**(અ) વહીવટી :**

(૧) ચોથા તબક્કા માટે નવેસરથી અરજીઓ ઔદ્યોગિકગૃહો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી મેળવવાની રહેશે. દરેક અરજી દીઠ રૂપિયા ૫૦૦ (પાંચસો પુરા) ડીપોઝીટ તરીકે લેવાના રહેશે. દરેક કચેરીઓમાં આવતી અરજીઓને અલાયદુ રજીસ્ટર બનાવી અગ્રતાક્રમ આપવાનો રહેશે.

(૨) બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ આવા કાર્યક્રમ હેઠળ પ્રયોજક તરીકે ભાગ લઇ શકશે પરંતુ સરકારશ્રીની કક્ષાએ તેમણે મંજુરી મેળવવાની રહેશે. તેમણે પોતાના જળસંચયની કામગીરીના અનુભવ સાથે પોતાની અરજી આપવાની રહેશે. આ અરજી કા.ઈ.શ્રી દ્વારા અરજી મળ્યાની તારીખથી ૭ દિવસમાં અ.ઈ.શ્રીને મોકલવાની રહેશે જે તેમણે ૭ દિવસમાં સરકારશ્રીને મોકલી આપવાની રહેશે.

(૩) ચેકડેમો માટે સમગ્ર રાજ્યમાં સરકારી ફાળાની રકમ ૮૦ ટકા અને લોકફાળો ૨૦ ટકા રહેશે.

(૪) ત્રીજા તબક્કાના ચેકડેમ બાંધકામ માટેની મંજૂર થયેલ અરજીઓ અને વર્કઓર્ડર આપેલ હોય પરંતુ કામો શરુ કરવામાં ન આવ્યા હોય તેવા કિસ્સાઓમાં અરજી રદ કરી તે માટેની ડિપોઝીટના નાણાં પ્રયોજકને તાત્કાલિક પરત આપવાના

રહેશે. આ પ્રયોજક આ જ સ્થળે ચેકડેમ બાંધવા ઈચ્છે તો તેને નવેસરથી અરજી લઈ ચોથા તબક્કામાં ચેકડેમ માટે મંજૂરી આપી શકાશે.

(૫) આ યોજના અંતર્ગત સરકારશ્રી કક્ષાએથી મંજુરી મળ્યા પછી વર્કઓર્ડર અને એગ્રીમેન્ટ થયા બાદ ચેકડેમના બાંધકામની કામગીરી હાથ ધરવાની રહેશે. એગ્રીમેન્ટ સાદા કાગળ ઉપર પણ થઇ શકશે. એગ્રીમેન્ટ માટે સ્ટેમ્પપેપરની આવશ્યકતા રહેશે નહિ.

(૬) ચેકડેમ માટે મંજુર થયેલ અંદાજિત રકમ પર કોઇ પણ વધારો સરકારશ્રીની મંજૂરી વગર આપી શકાશે નહિ.

(૭) જે તે વિસ્તારનું કાર્યક્ષેત્ર ધરાવતા મુખ્ય ઇજનેરશ્રી અને અધિક સચીવશ્રીઓએ તેમનાં કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં ચેકડેમના અમલીકરણ / બાંધકામ વિગેરેની તમામ કાર્યવાહી કરવાની રહેશે. સૌરાષ્ટ્રની મોટી નદીઓ પર ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ દ્વારા મોટા ચેકડેમો બનાવવાની કામગીરી અત્યાર સુધી થતી આવી છે. આ વ્યવસ્થા હવે પછી પણ યથાવત્ રહેશે. સૌરાષ્ટ્રમાં નદીઓ સિવાયના વોકળા ઉપરના રૂ ૩ લાખથી રૂ. ૧૫ લાખ સુધીની અંદાજિત કિંમતના ચ ેકડેમોની કામગીરી રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ (રાજકોટ, જામનગર,જુનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર) ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ (અમરેલી, ભાવનગર) દ્વારા કરવાની રહેશે. કચ્છ વિસ્તારમાં ચેકડેમોની કામગીરી અત્યાર સુધી ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ દ્વારા થતી હતી. તેમાં ફેરફાર કરી હવે પછી આ કામગીરી જળસંપત્તિ વિભાગના કચ્છ સિંચાઈ વર્તુળ હસ્તક કરવાની રહેશે. પરંતુ સમગ્ર યોજનાનું સંકલન સરકારશ્રી કક્ષાએ મુખ્ય ઇજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચીવશ્રીએ કરવાનું રહેશે. આ યોજનાનો અઠવાડિક પ્રગતિ અહેવાલ મુખ્ય ઇજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચિવશ્રી દ્વારા આપવામાં આવે તે નિયત પ્રફોર્મામાં દરેક વિભાગીય કચેરીએ દર સોમવારે મુખ્ય ઇજનેર

(સૌરાષ્ટ્ર) અને અધિક સચીવશ્રીને ફેક્સ દ્વારા અચુક મોકલી આપવાનો રહેશે. આ પ્રગતિ અહેવાલની નકલ સચીવશ્રી (જળસંપત્તિ )ને મોકલી આપવાની રહેશે.

(૮) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળના ચોથા તબક્કામાં બંધાનારા દરેક ચેકડેમ પર નીચે દર્શાવ્યા મુજબ યોજનાનું નામ દર્શાવતી તકતી લગાવવાની રહેશે. તકતીમાં નીચે દર્શાવેલ વિગતો લખવાની રહેશે.

| |
|---|
| (ચોથો તબક્કો)<br>સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના<br>નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ<br>ગુજરાત સરકાર<br><br>ચેકડેમનું નામ :<br>ચેકડેમનો જોબ નંબર :<br>બંને કાંઠાના સર્વે નંબર:<br>બાંધકામ પૂર્ણ થયા તારીખ : |

૬૦ સે.મી X ૬૦ સે.મી

(૯) ચેકડેમના બાંધકામ વખતે સંબંધિત મદદનીશ ઇજનેર / અધિક મદદનીશ ઇજનેર/ ટેકનીકલ આસીટન્ટ/ નાયબ કાર્યપાલક ઇજનેર/ કાર્યપાલક ઇજનેરની કેટલીક અગત્યની જવાબદારીઓ નીચે દર્શાવ્યા પ્રમાણે રહેશે.

(અ) ચેકડેમની એલાઇમેન્ટ, કામની લાઇન, ઇનીશીયલ લેવલ નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી તથા તેમના હસ્તકના મદદનીશ ઇજનેર અથવા અધિક મદદનીશ ઇજનેર અથવા ટેકનીકલ આસીટન્ટે સંયુક્તપણે લેવાના રહેશે.

(બ) પાયાની ચકાસણી, લેવલ તથા માપો નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીએ લેવાના રહેશે.

(ક) દરેક પૂર્ણ થયેલ બાંધકામના બધા જ આખરી માપો સ્થળ પર રૂબરુ મુલાકાત લઇ નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીએ લેવાના રહેશે તથા તેનું કોંક્રીટ અને પાયાના લેવલ - બંને આઇટમોમાં ઓછામાં ઓછું ૧૦ ટકા ચેકીંગ કાર્યપાલક ઇજનેરશ્રીએ કરવાનું રહેશે.

(૧૦) વર્કઓર્ડર મળ્યા બાદ ૬૦ દિવસમાં કામ શરુ કરવાનું રહેશે અને એક વર્ષની સમયમર્યાદામાં પુર્ણ કરવાનું રહેશે. જો યોગ્ય કારણ આપ્યા સિવાય આ સમયમર્યાદામાં કામ શરુ કરવામાં ન આવ્યા હોય તો કામની મંજુરી આપનાર સક્ષમ કક્ષાએથી રદ કરી શકાશે અને અરજી સાથે મળેલ ડીપોઝીટની રકમ સરકારશ્રીમાં જમા કરવાની રહશે.

(૧૧) આ યોજના હેઠળ ચેકડેમની સૈધ્ધાંતિક મંજૂરી સરકાર કક્ષાએ લેવાની રહેશે. સૈધ્ધાંતિક મંજૂરી મળ્યા બાદ રૂ ૩ લાખથી રૂ. ૫૦ લાખની મર્યાદામાં અંદાજિત કિંમતના ચેકડેમની તાંત્રિક મંજૂરી અ.ઈ.શ્રી કક્ષાએ તથા તેથી વધુ અંદાજીત કિંમતના ચેકડેમની મંજૂરી સંબંધિત મુખ્ય ઇજનેરશ્રી કક્ષાએથી આપવાની રહેશે.

(૧૨) અંદાજિત રકમના ૫૦ ટકા રકમનું કામ પુર્ણ થયે પ્રથમ રનીંગ બીલ બનાવી ગુણવત્તા નિયમનની ચકાસણી બાદ ચુકવણી કરી શકાશે. સમગ્ર કામગીરી પુર્ણ થયે આખરી બિલ બનાવવાનું રહેશે. કુલ કિંમત (સરકારી ફાળો + લોકફાળો) ના ૧૦ ટકા અમાનત લેખે વિભાગીય કચેરીએ વીથહેલ્ડ રાખવાની રહેશે જે ચોમાસામાં ચેકડેમમાં પાણી ભરાયા બાદ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું ઓડિટ તથા ગુણવત્તા નિયમન કર્મચારીનું પ્રમાણપત્ર/ ચેકલીસ્ટ મળ્યે અને તકતી લગાવ્યા બાદ ચૂકવવાની રહેશે.

**(૧૩)** ઉચ્ચ કક્ષાએ અધિકારીઓએ આકસ્મિક ચેકીંગ કરવાનું રહેશે. જ્યારે ગુણવત્તાના અધિકારીઓએ દરેક ચેકડેમ માટે બોડીવોલ લીફ્ટ પ્રગતિમાં હોય ત્યારે ઓછામાં

ઓછી એક વખત તથા કામ પૂર્ણ થયા બાદ એક વખત સ્થળ મુલાકાત લઇ તેમના લેખિત અહેવાલ/ ચેકલીસ્ટ આપવાના રહેશે. તેમની સ્થળ મુલાકાતના આધારે આપવામાં આવેલ અહેવાલ/ ચેકલીસ્ટ/ પ્રમાણપત્ર વગર બિલો મંજૂર કરી શકાશે નહિ. મુ.ઇશ્રી (ગુ.નિ.) દ્વારા આ બાબતે વખતોવખત સમીક્ષા કરવાની રહેશે.

**(બ) સ્થળ પસંદગી :**

(૧) ઓછામાં ઓછો ૧૦ ચો.કિ.મી. નો મુક્ત સ્રાવક્ષેત્ર ધરાવતા વિસ્તારમાં ચેકડેમનું સ્થળ પસંદ કરવાનું રહેશે. સરકાર દ્વારા બનાવેલ નદીઓ પરના ચેકડેમો માટેના માસ્ટર પ્લાનમાંથી નક્કી કરેલ સાઈટમાંથી પસંદગી કરી સરકારશ્રીની મંજૂરી મેળવી કામગીરી કરી શકશે.

(૨) નદીમાં જે સ્થળે પાયાનું ખોદાણ ૧.૫ મીટરની મર્યાદામાં કરવાથી ચેકડેમ બનાવી શકાય તેમ હોય તે સ્થળે ચેકડેમને પ્રાધાન્ય આપવાનું રહેશે.

(૩) સંબંધિત કા.ઈ.એ સ્થળમુલાકાત લઈ ચેકડેમ બનાવવાના કારણે મંજૂરી અન્ય ચેકડેમ, હયાત રસ્તો, ખેતર, વગેરે ડુબાણમાં ન જાય તેની ખાત્રી કરી તે સંબંધનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. તે પછી મંજૂરી આપવાની રહેશે. સંબંધિત કા.ઈ.શ્રીએ ચેકડેમ દરખાસ્ત કરતી વખતે તે ચેકડેમ અન્ય કોઈ હયાત ચેકડેમ કે સિંચાઈ વિસ્તારના ડુબાણમાં ન આવતો હોવા સંબંધી ખાત્રી કરી પ્રમાણપત્રમાં તે લખવાનું રહેશે.

**(ક) આલેખન :**

(૧) ચેકડેમની ઉંચાઇ (નાળા બેડ લેવલથી ક્રેસ્ટ લેવલ) ઓછામાં ઓછી ૨.૦ મીટર રાખવાની રહેશે. આવા કિસ્સામાં અલગથી સ્થળ પ્રમાણે આલેખન કરવાનું રહેશે.

(૨) હયાત ચેકડેમ કે જેની ઉંચાઇ વધારવાથી અથવા હયાત ગાળા પૂરવાથી અથવા જૂના કોઝ વે પાસે ચેકડેમ કરવાથી સંગ્રહશક્તિમાં નોંધપાત્ર વધારો થતો હોય તેવા કિસ્સાઓમાં કાર્યપાલક ઇજનેરશ્રી/ અધિક્ષક ઇજનેરશ્રીની સ્થળ મુલાકાત

અને જરુરી તાંત્રિક ચકાસણી બાદ તેઓની ભલામણ મળ્યેથી મુખ્ય ઇજનેર અને અધિક  સચિવશ્રી કક્ષાએથી આવા કામોને મંજુરી આપવાની રહેશે.

(૩) ચેકડેમની લંબાઇ ઓછામાં ઓછી નદીની કુદરતી પહોળાઇ  જેટલી રાખવી જેથી કુદરતી વહેણના ભાગમાં માટીકામ કરવાની જરુરીયાત રહે નહીં.

(૪) સુચિત  ચેકડેમની ઉપરવાસમાં સિંચાઇ વિભાગની હયાત યોજના, ચેકડેમ કે ચેકડેમો હોય ત્યારે સુચિત ચેકડેમના સ્થળે પૂરના આલેખન વખતે કુલ સ્રાવક્ષેત્ર ન ગણતાં હયાત યોજના, ચેકડેમ કે ચેકડેમો ના કારણે આંતરક્ષેપ થતો સ્રાવક્ષેત્ર ગણતરીમાં લઇ મુક્ત સ્રાવક્ષેત્ર ગણવાનો રહેશે.

(૫) રાજ્યમાં મહત્તમ ચેકડેમો લોકભાગીદારીથી ઉપલબ્ધ બજેટમાં કરવાના આશયને ધ્યાને રાખી મહત્તમ કરકસરયુક્ત ડિઝાઈન કરવા ઓરપેટ અને સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ જેવી ખ્યાતનામ સંસ્થાઓના સૂચનોને ધ્યાને રાખી આલેખિત પૂર ૧:૨૫ વર્ષના રીટર્ન પીરીયડ મુજબ ગણવાનું રહેશે.  સ્ટીંલીંગ બેઝીન માટે ૧:૧૦ વર્ષના રીટર્ન પીરીયડ ગણી લંબાઇ નક્કી કરવાની રહેશે. પરંતુ એપ્રોનની લંબાઈ નદી કે વોકળાના તળીયા થી મહત્તમ પૂર સપાટી સુધીની ઉંચાઈના માપ અને ૬ મીટર - બે માંથી જે વધુ હોય તે મર્યાદામાં રાખી શકાશે.

(૬) જુદા જુદા કેચમેન્ટ વિસ્તાર અને નદીની પહોળાઇ તેમજ પાયાની આવશ્યક ઉંડાઈના પ્રમાણમાં ચેકડેમની ડીઝાઇન કરવાની રહેશે. ઔદ્યોગિક ગૃહ અથવા સ્વૈચ્છિક સંસ્થા પોતાની જવાબદારીએ પોતાની ડિઝાઈન પ્રમાણે કામગીરી કરવા ઈચ્છે તો તે પ્રમાણેના એસ્ટીમેટની ચકાસણી કરી સક્ષમ કક્ષાએથી મંજૂરી મેળવી કામગીરી થઈ શકશે.

(૩) **બાંધકામ, મરામત અને ગુણવત્તા :**

(૧) ચેકડેમના કામો કોંક્રીટમાં (સી.સી.૧:૩:૬માં) કરવાના રહેશે. ચેકડેમોના ભાગો જેવા કે બોડીવોલ, ટો વોલ, સાઇડવોલ, કીવોલ , એબટમેન્ટના પાયાના કોંક્રીટ (લેવલીંગ કોર્સ) તરીકે સી.સી.૧:૪:૮ વાપરવાનું રહેશે.

(૨) સીમેન્ટ આઇ. એસ.આઇ માર્કાની, ગુણવત્તાવાળી અને પ્રમાણિત ધારાધોરણ ધરાવતી વાપરવાની રહેશે. (મીની સીમેન્ટ પ્લાન્ટમાં ઉત્પાદિત થયેલ સીમેન્ટનો ઉપયોગ કરી શકાશે નહીં) અન્ય તમામ માલસામાન સંબંધિત આઇ.એસ.આઇ મુજબ પ્રમાણિત ધારાધોરણો મુજબનો વાપરવાનો રહેશે. નાગરીક પૂરવઠા નિગમ તરફથી ઉપલબ્ધ કરાવવામાં આવતી સિમેન્ટ જે સ્વૈચ્છિક સંસ્થાને ચેકડેમ બનાવવા માટે જોઈતી હોય તો તે સરકારને દરખાસ્ત કરે તો તે પૂરી પાડવામાં આવશે. આ રકમ તે સ્વૈચ્છિક સંસ્થાના બિલમાંથી કાપી લેવામાં આવશે.

(૩) બાંધકામ દરમ્યાન જે વિસ્તારો અંતરિયાળ હોય, જે વિસ્તારોમાં પાણીની અછત હોય, કોંક્રીટકામના ક્યોરીંગ માટે સ્થળ ઉપર નજીકમાં પાણી ઉપલબ્ધ ન હોય, દૂરથી પાણી વહન કરી કામ કરવું પડે તેવા સંજોગો હોય ત્યારે થયેલ કોક્રીટકામનું કયોરીંગ કરવા માટે કયોરીંગ કંપાઉન્ડનો ઉપયોગ કરી શકાશે. આવું ક્યોરીંગ કમ્પાઉન્ડ સારી ગુણવત્તાવાળું, આઇએસઓ ૯૦૦૧નું પ્રમાણપત્ર ધરાવતી કંપનીનું હોવું જોઇએ. કયોરીંગ કમ્પાઉન્ડના વપરાશનો સઘળો ખર્ચ જે તે ઔદ્યોગિકગૃહ અથવા સ્વૈચ્છિક સંસ્થાએ ભોગવવાનો રહેશે.

(૪) ચેકડેમની મુખ્ય આઇટેમો જેવી કે કોક્રીટ, ચણતર, ખોદકામ, પ્લાસ્ટર, માટીકામ વગેરે માટેના ભાવો નીચેના ટેબલમાં દર્શાવ્યા મુજબના કરવાના રહેશે.

| ક્રમ | આઇટમ | યુનિટ | ભાવ પ્રતિ યુનિટ ( રુપિયામાં) |
|---|---|---|---|
| ૧ | ખોદકામ<br>(અ) સોઇલ/હાર્ડમુરમ<br>(બ) સોફ્ટ રોક<br>(ક) હાર્ડરોક | <br>ઘન મીટર<br>ઘન મીટર<br>ઘન મીટર | <br>૨૯<br>૭૦<br>૧૨૫ |
| ૨ | માટીકામ (ઓલ લીડ અને લીફ્ટ) / પાયામાં માટીપુરાણ | ઘન મીટર | ૨૯ |
| ૩ | પાયાનું કોંક્રીટ ( સી.સી.૧:૪:૮) | ઘન મીટર | ૧૩૭૦ |
| ૪ | કોક્રીટ (૧:૩:૬) | ઘન મીટર | ૧૫૧૦ |
| ૫ | કોક્રીટ (૧:૨:૪) | ઘન મીટર | ૧૮૨૦ |
| ૬ | સપ્લાઇંગ એન્ડ ફીકસીંગ સ્ટીલ રેઇનફોર્સમેન્ટ | મેટ્રીક ટન | ૨૯૦૦૦ |
| ૭ | સોફ્ટરોક અથવા હાર્ડ રોકમાં ૧૫ સે.મી. વ્યાસનું ૭૫ સે.મી.ની મર્યાદામાં ઉંડાઈનું બોરીંગ | નંગ | રૂ. ૮૫ |
| ૮ | તકતી | ઉચ્ચક | ૧૦૦૦ |

ઉપરોક્ત આઈટમ સિવાયની અન્ય આઇટમોના ભાવ જે તે વર્તુળના જે તે વર્ષના મંજુર થયેલા શિડ્યુલ ઓફ રેઇટસ પ્રમાણે ગણવાના રહશે.

(૫) ચેકડેમમાં વપરાતાં કોંક્રીટના ક્યુબટેસ્ટ સરકાર દ્વારા પ્રમાણિત લેબોરેટરી અથવા નજીકની પોલિટેકનીક અથવા ઈજનેરી કોલેજની લેબોરેટરીમાં કરાવવાના રહેશે. આ ટેસ્ટીંગનો ખર્ચ સરકાર તરફથી ભોગવવાનો રહેશે. આ માટે બોડીવોલના કોંક્રીટના ઓછામાં ઓછા ચાર ક્યુબ અને એપ્રોનના કોંક્રીટના ઓછામાં ઓછા બે ક્યુબના

ટેસ્ટ કરવાના રહેશે. ટેસ્ટીંગના બિલો અસલમાં સંબંધત કા.ઈ.શ્રીને જમા કરાવવાના રહેશે.

**ખેડૂત લોકજૂથો દ્વારા તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા બનાવવામાં આવતા નાના ચેકડેમો :**

ખેડૂત લોકજૂથો રૂ. ૩ લાખની મર્યાદામાં અંદાજિત કિંમત હોય તેવા ચેકડેમો બનાવી શકશે.

**(અ) વહીવટી :**

*(૧)* ચોથા તબક્કા માટે નવેસરથી અરજીઓ લોકજૂથો તથા સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી મેળવવાની રહેશે.દરેક અરજી દીઠ રૂપિયા ૫૦૦ (પાંચસો પુરા) ડીપોઝીટ તરીકે લેવાના રહેશે. દરેક કચેરીઓમાં આવતી અરજીઓને અગ્રતાક્રમ આપવાનો રહેશે.

(૨) ત્રીજા તબક્કાના ચેકડેમ બાંધકામ માટેની મંજૂર થયેલ અરજીઓ અને વર્કઓર્ડર આપેલ હોય પરંતુ કામો શરુ કરવામાં ન આવ્યા હોય તેવા કિસ્સાઓમાં અરજી રદ કરી તે માટેની ડિપોઝીટના નાણાં પ્રયોજકને તાત્કાલિક પરત આપવાના રહેશે. આ પ્રયોજક આ જ સ્થળે ચેકડેમ બાંધવા ઈચ્છે તો તેને નવેસરથી અરજી લઈ ચોથા તબક્કામાં ચેકડેમ માટે મંજૂરી આપી શકાશે.

(૩) ચેકડેમો માટે સમગ્ર રાજ્યમાં સરકારી ફાળાની રકમ ૮૦ ટકા અને લોકફાળો ૨૦ ટકા રહેશે.

(૪) આ સાથે જોડેલ પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ જે તાલુકામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ઠરાવની તારીખે કુલ મળીને ૫૦૦ કે તેથી વધુ ચેકડેમો પૂર્ણ થયેલ હોય તો તે તાલુકામાં નવા વધુમાં વધુ ૧૦૦ ચેકડેમો બનાવી શકાશે. જે તાલુકામાં ૪૦૦ થી ઓછા ચેકડેમ થયેલ હોય તે તાલુકામાં કુલ મળીને ૫૦૦ ચેકડેમ થાય તે રીતે નવા ચેકડેમ બનાવી શકાશે. આમ છતાં જે તાલુકામાં ૪૦૦ થી ૫૦૦ ની વચ્ચેની સંખ્યામાં ચેકડેમ થયેલ હોય તે તાલુકામાં નવા ૧૦૦ ચેકડેમ બનાવી શકાશે.

(૫) જે ગામમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ અત્યાર સુધીમાં ૧૦ થી વધુ પણ ૩૫ કરતાં ઓછા ચેકડેમ થયાં હોય ત્યાં ૫ નવા ચેકડેમ અને જે ગામમાં ૧૦ થી ઓછા ચેકડેમ થયાં હોય ત્યાં વધુ માં વધુ અન્ય ૧૦ નવા ચેકડેમ કરવાની મંજુરી આપી શકાશે. આ અંગેનું લેખિત પ્રમાણપત્ર સંબંધિત ના.કા.ઈ.શ્રીએ આપવાનું રહેશે.

(૬) આ યોજના અંતર્ગત સક્ષમ કક્ષાએથી મંજુરી મળ્યા પછી વર્કઓર્ડર અને એગ્રીમેન્ટ થયા બાદ ચેકડેમના બાંધકામની કામગીરી હાથ ધરવાની રહેશે. એગ્રીમેન્ટ સાદા કાગળ ઉપર પણ થઇ શકશે. એગ્રીમેન્ટ માટે સ્ટેમ્પપેપરની આવશ્યકતા રહેશે નહિ. ખેડૂત જૂથોએ અરજીમાં મુખ્ય પ્રયોજકનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે અને એગ્રીમેન્ટ મુખ્ય પ્રયોજક સાથે કરવાનું રહેશે. ચૂકવણીનો ચેક પણ મુખ્ય પ્રયોજકના નામે લખવાનો રહેશે. મુખ્ય પ્રયોજક તે ચેકડેમનો લાભાર્થી ખેડૂત હોવો આવશ્યક રહેશે અને તે માટે અરજી સાથે જરૂરી પુરાવા જોડવાના રહેશે.

(૭) ચેકડેમ માટે મંજુર થયેલ અંદાજિત રકમ પર કોઇ પણ વધારો સરકારશ્રીની મંજૂરી વગર આપી શકાશે નહિ.

(૮) આ પ્રકારના ચેકડેમ માત્ર ખેડુત લાભાર્થી લોકજૂથ દ્વારા જ આવા ચેકડેમો બનાવી શકાશે.

(૯) હયાત તળાવ પાસે વેસ્ટવિયર યોગ્ય સ્થળપસંદગી કરી રૂ. ૩ લાખની મર્યાદામાં અંદાજિત કિંમત થાય તે પ્રમાણે હોય તો બનાવી શકાશે.

(૧૦) જે તે વિસ્તારનું કાર્યક્ષેત્ર ધરાવતા મુખ્ય ઇજનેરશ્રી અને અધિક સચીવશ્રીઓએ તેમનાં કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં ચેકડેમના અમલીકરણ / બાંધકામ વિગેરેની તમામ કાર્યવાહી કરવાની રહેશે. કચ્છ વિસ્તારમાં ચેકડેમોની કામગીરી અત્યાર સુધી ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ દ્વારા થતી હતી. તેમાં ફેરફાર કરી હવે પછી આ કામગીરી જળસંપત્તિ વિભાગના કચ્છ સિંચાઈ વર્તુળ હસ્તક કરવાની રહેશે. સૌરાષ્ટ્રના પોરબંદર જીલ્લામાં આ કામગીરી સરદાર પટેલ સહભાગી

વર્તુળને બદલે પોરબંદર યોજના સિંચાઈ વિભાગ દ્વારા કરવાની રહેશે. પરંતુ સમગ્ર યોજનાનું સંકલન સરકારશ્રી કક્ષાએ મુખ્ય ઇજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચીવશ્રીએ કરવાનું રહેશે. આ યોજનાનો અઠવાડિક પ્રગતિ અહેવાલ મુખ્ય ઇજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચીવશ્રી દ્વારા આપવામાં આવે તે નિયત પ્રફોર્મામાં દરેક વિભાગીય કચેરીએ દર સોમવારે મુખ્ય ઇજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચીવશ્રીને ફેક્સ દ્વારા અચુક મોકલી આપવાનો રહેશે. આ પ્રગતિ અહેવાલની નકલ સચીવશ્રી (જળસંપત્તિ ) ને મોકલી આપવાની રહેશે.

(૧૧) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળના ચોથા તબક્કામાં બંધાનારા દરેક ચેકડેમ પર નીચે દર્શાવ્યા મુજબ યોજનાનું નામ દર્શાવતી તકતી લગાવવાની રહેશે. તકતીમાં નીચે દર્શાવેલ વિગતો લખવાની રહેશે.

(ચોથો તબક્કો)

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ગુજરાત સરકાર

ચેકડેમનું નામ :

ચેકડેમ જોબ નંબર :

બંને કાંઠાના સર્વે નંબર:

બાંધકામ પૂર્ણ થયા તારીખ :

૪૫ સે.મી X ૪૫ સે.મી

(૧૨) ચેકડેમના બાંધકામ વખતે સંબંધિત મદદનીશ ઇજનેર / અધિક મદદનીશ ઇજનેર/ ટેકનીકલ આસીટન્ટ/ નાયબ કાર્યપાલક ઇજનેર/ કાર્યપાલક ઇજનેરની કેટલીક અગત્યની જવાબદારીઓ નીચે દર્શાવ્યા પ્રમાણે રહેશે.

(અ) ચેકડેમની એલાઇમેન્ટ, કામની લાઇન, ઇનીશીયલ લેવલ નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી તથા તેમના હસ્તકના મદદનીશ ઇજનેર અથવા અધિક મદદનીશ ઇજનેર અથવા ટેકનીકલ આસીટન્ટે સંયુક્તપણે લેવાના રહેશે.

(બ) પાયાની ચકાસણી, લેવલ તથા માપો ના.કા.ઈ.શ્રીએ લેવાના રહેશે.

(ક) દરેક પૂર્ણ થયેલ બાંધકામના બધા જ આખરી માપો સ્થળ પર રૂબરુ મુલાકાત લઇ નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીએ લેવાના રહેશે તથા તેનું ૧૦ ટકા ચેકીંગ કાર્યપાલક ઇજનેરશ્રીએ કરવાનું રહેશે.

(૧૩) વર્કઓર્ડર મળ્યા બાદ લાભાર્થી લોકજુથોએ ૬૦ દિવસમાં કામ શરુ કરવાનું રહેશે અને ચાર માસની સમયમર્યાદામાં પુર્ણ કરવાનું રહેશે. જો યોગ્ય કારણ આપ્યા સિવાય આ સમયમર્યાદામાં કામ શરુ કરવામાં ન આવ્યા હોય તો કામની મંજુરી આપનાર સક્ષમ કક્ષાએથી રદ કરી શકાશે અને અરજી સાથે મળેલ ડીપોઝીટની રકમ સરકારશ્રીમાં જમા કરવાની રહશે.

(૧૪) આ પ્રકારના ચેકડેમના અંદાજોની સૈધ્ધાંતિક મંજૂરી અધિક્ષક ઈજનેરશ્રી કક્ષાએ લીધા બાદ વહીવટી/ તાંત્રિક મંજુરી કાર્યપાલક ઇજનેરશ્રીએ આપવાની રહેશે.

(૧૫) એક જ ખેડુત લોકજૂથ એક કરતાં વધુ ચેકડેમ બાંધવા ઇચ્છે તો એક પ્રાયોજક દીઠ બે ચેકડેમ માટે અધિક્ષક ઇજનેરશ્રીની મંજુરી, ત્રણ ચેકડેમ માટે મુખ્ય ઇજનેરશ્રીની અને અધિક સચિવશ્રીની મંજુરી અને ત્રણથી વધુ ચેકડેમ માટે સરકારશ્રીની મંજુરી મેળવવાની રહેશે.

(૧૬) અગાઉ જુદી જુદી યોજના હેઠળ બનેલ ચેકડેમના મરામતના કામો જે વિભાગ હસ્તક ચેકડેમ હશે તેના માધ્યમથી ૮૦:૨૦ ના પ્રમાણમાં સહભાગી ધોરણે લોકજુથો / બિનસહકારી સંસ્થાઓ દ્વારા કરી શકાશે. આ જ રીતે જૂના પાટીયા

વાળા ચેકડેમોના પાટીયાના સ્થાને કોક્રીટીગ કરવાની કામગીરી પણ થઈ શકશે. પરંતુ આવા કામો વિભાગના ગુણવત્તા નિયંત્રણના અધિકારીઓ દ્વારા જરુરી ચકાસણી તથા ભલામણ થયા બાદ સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી/ અધિક્ષક ઇજનેરશ્રીની ભલામણ મેળવી સરકારશ્રીમાં દસખાસ્ત કરવાની રહેશે. અને સરકારશ્રીમાંથી મંજુરી મેળવ્યા પછી જ કામ હાથ ધરી શકાશે. સરકારશ્રીની મંજુરી મેળવ્યા વગર જો ચેકડેમની મરામત -નિભાવણીના કામ કરવામાં આવશે તો તે કામ માટે કોઇ પણ ચુકવણું કરવા માટે કોઇ પણ ગ્રાંટ ફાળવવામાં આવશે નહીં. આ બાબતે બજેટ આયોજન બહારના સદરમાંથી ઉપલબ્ધ કરવાનું રહેશે. ખાસ કિસ્સા તરીકે બંધ સુરક્ષા અન્વયે આયોજન સદરમાંથી બજેટ ફાળવવામાં આવશે.

(૧૭) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંર્તગત ચેકડેમાની કામગીરી માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની રાહતનિધિમાં નાણાં જમા કરાવવા તથા તેમાંથી નાણાં ફાળવવા વિષયક સરકારશ્રીના ઠરાવ ક્રમાંક:પરચ-૨૦૦૩-૩૫-૧૩૫૯-આઇ, તા: ૨૯-૫-૨૦૦૩ની સઘળી જોગવાઇઓ યથાવત રહેશે.

(૧૮) અંદાજિત રકમના ૫૦ ટકા રકમનું કામ પુર્ણ થયે પ્રથમ રનીંગ બીલ બનાવી ગુણવત્તા નિયમનની ચકાસણી બાદ ચુકવણી કરી શકાશે. સમગ્ર કામગીરી પુર્ણ થયે આખરી બિલ બનાવવાનું રહેશે. કુલ કિંમત (સરકારી ફાળો + લોકફાળો) ના ૧૦ ટકા અમાનત લેખે વિભાગીય કચેરીએ વીથહેલ્ડ રાખવાની રહેશે જે ચોમાસામાં ચેકડેમમાં પાણી ભરાયા બાદ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું ઓડિટ તથા ગુણવત્તા નિયમન કર્મચારીનું પ્રમાણપત્ર/ ચેકલીસ્ટ મળ્યે અને તકતી લગાવ્યા બાદ ચૂકવવાની રહેશે.

(૧૯) ઉચ્ચ કક્ષાએ અધિકારીઓએ આકસ્મિક ચેકીંગ કરવાનું રહેશે. જ્યારે ગુણવત્તાના અધિકારીઓએ દરેક ચેકડેમ માટે બોડીવોલ લીફ્ટ પ્રગતિમાં હોય ત્યારે ઓછામાં ઓછી એક વખત તથા કામ પૂર્ણ થયા બાદ એક વખત સ્થળ મુલાકાત લઇ તેમના

લેખિત અહેવાલ/ ચેકલીસ્ટ આપવાના રહેશે. તેમની સ્થળ મુલાકાતના આધારે આપવામાં આવેલ અહેવાલ/ ચેકલીસ્ટ/ પ્રમાણપત્ર વગર બિલો મંજૂર કરી શકાશે નહિ. મુ.ઇશ્રી (ગુ.નિ.) દ્વારા આ બાબતે વખતોવખત સમીક્ષા કરવાની રહેશે.

**(બ) સ્થળ પસંદગી :**

(૧) જે ગામમાં અત્યાર સુધીમાં કોઇપણ યોજના હેઠળ કુલ મળીને ૧૦ કરતાં ઓછા ચેકડેમ થયેલ હોય તેવા ગામમાં ચેકડેમના બાંધકામને પ્રાધાન્ય આપવાનું રહેશે. તે જ પ્રમાણે જે વિસ્તારમાં હાલમાં કોઇપણ પ્રકારની વહેણની સિંચાઇની સુવિધા ઉપલબ્ધ ન હોય તેવા વિસ્તારના ચેકડેમોને પણ પ્રાધાન્ય આપવાનું રહેશે.

(૨) સંબંધિત ના.કા.ઈ.શ્રીએ સ્થળમુલાકાત લઈ ચેકડેમ બનાવવાના કારણે અન્ય ચેકડેમ, હયાત રસ્તો, ખેતર, વગેરે ડુબાણમાં ન જાય તેની ખાત્રી કર્યા તેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. ત્યારબાદ મંજૂરી આપવાની રહેશે.

(૩) રસ્તાની આસપાસના બોરોપીટ કે તેના જેવા ખાડાઓમાં ચેકડેમ બનાવી શકાશે નહિ.

**(ક) આલેખન :**

(૧) ચેકડેમની ઉંચાઇ (નાળા બેડ લેવલથી ક્રેસ્ટ લેવલ) ૩ મીટર સુધીની મર્યાદામાં જ મંજુર કરવાની રહેશે.

(૨) ચેકડેમની લંબાઇ ઓછામાં ઓછી વોંકળાની કુદરતી પહોળાઇ જેટલી રાખવી જેથી કુદરતી વહેણના ભાગમાં માટીકામ કરવાની જરુરીયાત રહે નહીં.

(૩) સુચિત ચેકડેમની ઉપરવાસમાં સિંચાઇ વિભાગની હયાત યોજના, ચેકડેમ કે ચેકડેમો હોય ત્યારે સુચિત ચેકડેમના સ્થળે પૂરના આલેખન વખતે કુલ સ્રાવક્ષેત્ર ન ગણતાં હયાત યોજના, ચેકડેમ કે ચેકડેમો ના કારણે આંતરક્ષેપ થતો સ્રાવક્ષેત્ર ગણતરીમાં લઇ મુક્ત સ્રાવક્ષેત્ર ગણવાનો રહેશે.

(૪) આલેખિત પૂર ૧:૧૦ વર્ષના રીટર્ન પીરીયડ મુજબ ગણવાનું રહેશે. ૨ મીટર સુધીમાં ઉંચાઈ હોય તેવા ચેકડેમો માટે એપ્રોનની લંબાઈ ૩ મીટરની મર્યાદામાં રાખી શકાશે.

(૫) જુદા જુદા કેચમેન્ટ વિસ્તાર અને વોંકળાની પહોળાઇના પ્રમાણમાં ચેકડેમની ટાઇપ ડીઝાઇન પસંદ કરવાની રહેશે. જો આ ટાઇપ ડીઝાઇનથી અલગ પ્રકારની જરુરીયાત જણાય તો તેવા ચેકડેમ માટે સ્થળસ્થિતિ અને પાયાની જરુરીયાત પ્રમાણે અલગ પ્રકારથી આલેખન કરવાનું રહેશે.

(૬) લાભાર્થી/ ખેડુતોને સમજાય તેવી સરળ ભાષામાં મુખ્ય આઇટેમોના સ્પેસીફીકેશન ગુજરાતીમાં તૈયાર કરવાના રહેશે.

**(ડ) બાંધકામ, મરામત અને ગુણવત્તા :**

(૧) ચેકડેમના કામો કોંક્રીટમાં (સી.સી.૧:૩:૬માં) કરવાના રહેશે. ચેકડેમોના ભાગો જેવા કે બોડીવોલ, ટો વોલ, સાઇડવોલ, કીવોલ , એબટમેન્ટના પાયાના કોંક્રીટ (લેવલીંગ કોર્સ) તરીકે સી.સી.૧:૪:૮ વાપરવાનું રહેશે.

(૨) સીમેન્ટ આઇ. એસ.આઇ માર્કાની, ગુણવત્તાવાળી અને પ્રમાણિત ધારાધોરણ ધરાવતી વાપરવાની રહેશે. (મીની સીમેન્ટ પ્લાન્ટમાં ઉત્પાદિત થયેલ સીમેન્ટનો ઉપયોગ કરી શકાશે નહીં) અન્ય તમામ માલસામાન સંબંધિત આઇ.એસ.આઇ મુજબ પ્રમાણિત ધારાધોરણો મુજબનો વાપરવાનો રહેશે.

(૩) બાંધકામ દરમ્યાન જે વિસ્તારો અંતરિયાળ હોય, જે વિસ્તારોમાં પાણીની અછત હોય, કોંક્રીટકામના ક્યોરીંગ માટે સ્થળ ઉપર નજીકમાં પાણી ઉપલબ્ધ ન હોય, દૂરથી પાણી વહન કરી કામ કરવું પડે તેવા સંજોગો હોય ત્યારે થયેલ કોક્રીટકામનું કયોરીંગ કરવા માટે કયોરીંગ કંપાઉન્ડનો ઉપયોગ કરી શકાશે. આવું ક્યોરીંગ કમ્પાઉન્ડ સારી ગુણવત્તાવાળું, આઇએસઓ ૯૦૦૧નું પ્રમાણપત્ર ધરાવતી કંપનીનું હોવું જોઇએ.

ક્યોરીંગ કમ્પાઉન્ડના વપરાશનો સઘળો ખર્ચ જે તે પ્રયોજક/લાભાર્થીએ ભોગવવાનો રહેશે.

(૪) ચેકડેમની મુખ્ય આઇટેમો જેવી કે કોંક્રીટ, ચણતર, ખોદકામ, પ્લાસ્ટર, માટીકામ વગેરે માટેના ભાવો નીચેના ટેબલમાં દર્શાવ્યા મુજબના કરવાના રહેશે.

| ક્રમ | આઇટમ | યુનિટ | ભાવ પ્રતિ યુનિટ ( રુપિયામાં) |
|---|---|---|---|
| ૧ | ખોદકામ<br>(અ) સોઇલ/હાર્ડમુરમ<br>(બ) સોફ્ટ રોક<br>(ક) હાર્ડરોક | <br>ઘન મીટર<br>ઘન મીટર<br>ઘન મીટર | <br>૨૯<br>૭૦<br>૧૨૫ |
| ૨ | માટીકામ (ઓલ લીડ અને લીફ્ટ)/ પાયામાં માટી પુરાણ | ઘન મીટર | ૨૯ |
| ૩ | પાયાનું કોંક્રીટ ( સી.સી.૧:૪:૮) | ઘન મીટર | ૧૩૭૦ |
| ૪ | કોંક્રીટ ( ૧:૩:૬) | ઘન મીટર | ૧૫૧૦ |
| ૫ | કોંક્રીટ ( ૧:૨:૪) | ઘન મીટર | ૧૮૨૦ |
| ૬ | સપ્લાઇંગ એન્ડ ફીકસીંગ સ્ટીલ રેઇનફોર્સમેન્ટ | મેટ્રીક ટન | ૨૯૦૦૦ |
| ૭ | તકતી | ઉચ્ચક | ૧૦૦૦ |

ઉપરોક્ત આઈટમ સિવાયની અન્ય આઇટમોના ભાવ જે તે વિભાગના જે તે વર્ષના મંજુર થયેલા શિડ્યુલ ઓફ રેઇટસ પ્રમાણે ગણવાના રહશે.

(૫) જે વિસ્તારોમાં ગ્રેવલ સહેલાઇથી અને સસ્તા ઉપલબ્ધ થતા હોય તેવા વિસ્તારોમાં વિભાગના ઠરાવ ક્રમાંક નં:પરચ-૨૦૦૨-૩૫-ધા.સ.-૩૮-આઇ તા: ૧૧-૩-૨૦૦૨

ની જોગવાઇઓ અને ધારાધોરણો મુજબ સંબંધિત મુ.ઇ.શ્રી અને અ.સ.શ્રીની પૂર્વમંજુરીથી ગ્રેવલ વાપરી શકાશે.

**અન્ય જોગવાઈઓ:**

નીચેની જોગવાઈ ખેડુત લોકજૂથો દ્વારા બનાવવામાં આવતા નાના ચેકડેમો અને ઔદ્યોગિકગૃહો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા બનાવવામાં આવતા મોટી નદીઓ પરના ચેકડેમોને લાગુ પડશે.

(૧) સદરહુ યોજના હેઠળ તમામ ખર્ચ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ નીચેના સદર હેઠળ ઉપલબ્ધ ગ્રાંટના આધારે ઉધારવાનો રહેશે.

માંગણી નંબર : ૬૬

મુખ્ય સદર : ૪૭૦૨ નાની સિંચાઇ અંગે મૂડી જોગવાઇ

a. સુજલામ સુફલામ યોજના

(ક) સુજલામ સુફલામ યોજના સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના

માંગણી નંબર : ૯૬

મુખ્ય સદર : ૪૭૦૨ નાની સિંચાઇ અંગે મૂડી જોગવાઇ

૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના

૨૩ (અ) સુજલામ સુફલામ યોજના હેઠળ પંચમહાલ દાહોદ ના ચેકડેમો

(૨) ક્ષેત્રિય કચેરીઓમા વાહનની તંગી હોય તેવા કિસ્સાઓમાં બે મ.ઇ/અ.મ.ઇ વચ્ચે માસિક રૂ.૧૦,૦૦૦ (રૂપિયા દસ હજાર)ની મર્યાદામાં ખાસ કિસ્સા તરીકે જરુરી કારણો સાથે વાહન ભાડે રાખવાની મંજુરીની સત્તા અધિક્ષક ઇજનેરશ્રીને આપવામાં આવે છે. વિકલ્પે સરકારશ્રીના નાણા વિભાગના માઇલેજ બાબતના તા: ૧૬-૧૨-૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક: મસભ/૧૦૨૦૦૪/૧૦૩૩/ચ માંની જોગવાઇઓનો લાભ લઇ શકાશે.

(૩) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંર્તગત ચેકડેમાની કામગીરી માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની રાહતનિધિમાં નાણાં જમા કરાવવા તથા તેમાંથી નાણાં ફાળવવા વિષયક સરકારશ્રીના ઠરાવ ક્રમાંક:પરચ-૨૦૦૩-૩૫-૧૩૫૯-આઇ, તા: ૨૯-૫-૨૦૦૩ની સઘળી જોગવાઇઓ યથાવત રહેશે.

(૪) ચેકડેમો માટે ગુણવત્તા નિયમનના કર્મચારીઓ મુ.ઈ.શ્રી (ગુ.નિ.) અને અ.સ.શ્રી હસ્તક કામગીરી કરશે. તેમના તાંત્રિક નિયંત્રણ અધિકારી ચેકડેમની કામગીરી કરતા વર્તુળના અ.ઈ.શ્રી નહિ પણ મુ.ઈ.શ્રી (ગુ.નિ.) અને અ.સ.શ્રી રહેશે. જરૂર જણાય તો અન્ય વર્તુળ તથા મધ્યસ્થ આલેખન તંત્ર તથા લઘુ સિંચાઈ યોજના વર્તુળમાંથી સંબંધિત અ.ઈ.શ્રીના પરામર્શમાં મુ.ઈ.શ્રી (ગુ.નિ.) અને અ.સ.શ્રી જરૂરી સ્ટાફ પોતાની હસ્તક આ કામગીરી પૂરતો લઈ શકશે. કામગીરીના ભારણ મુજબ તેઓશ્રી કામની ફાળવણી પોતાની કક્ષાએથી કરવા માટે યોગ્ય આદેશો બહાર પાડશે તે પ્રમાણે આ કર્મચારીઓએ કામગીરી કરવાની રહેશે.

(૫) સુજલામ સુફલામ યોજના હેઠળ મંજૂર થયેલ રકમ હેઠળ બનાવવાના થતાં ચેકડેમોનો સમાવેશ આ યોજના હેઠળ થઈ શકશે નહિ.

(૬) વન અને પર્યાવરણ વિભાગ વન્ય વિસ્તારોમાં ચેકડેમો બનાવવા માગે તો તે દરખાસ્ત જળસંપત્તિ વિભાગના સંબંધિત અ.ઈ.શ્રીને મોકલી શકશે. આવા ચેકડેમો માટે વહીવટી તથા તાંત્રિક મંજૂરી જળસંપત્તિ વિભાગે સરકારશ્રી કક્ષાએથી આપવાની રહેશે. ચેકડેમ બાંધવાની કામગીરી વન અને પર્યાવરણ વિભાગની સંબંધિત કચેરી દ્વારા કરવાની રહેશે. પરંતુ કામગીરીનું સુપરવિઝન જળસંપત્તિ વિભાગની સંબંધિત કચેરીના અધિકારી/ કર્મચારીએ કરવાની રહેશે.

(૭) જળસંપત્તિ સંશોધન વર્તુળ હસ્તકના ડિવિઝનોની કામગીરીની ફાળવણી કર્યા બાદ તે ડિવિઝન જે જીલ્લામાં કામગીરી કરતું હોય તેને સંબંધિત મુખ્ય ઈજનેરશ્રી અને અ.સ.શ્રી દ્વારા તે ડિવિઝનની કામગીરીની દેખરેખ રાખનાવી રહેશે.

(૮) મુખ્ય ઈજનેરશ્રી કક્ષાએ એ વાતની ખાત્રી કરવાની રહેશે કે કોઈ એક જ જીલ્લામાં ઉપરોક્ત ત્રણ પ્રકારના ચેકડેમો પૈકી કોઈ પણ એક પ્રકારના ચેકડેમો માટે એક કરતા વધુ ડિવિઝનની ફાળવણી કરવામાં આવે નહિ.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમે અને તેમના નામે.

**(વિવેક પી. કાપડીયા)**

ઉપસચિવ (જ.સં.)

નર્મદા , જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ

પ્રતિ

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય અધ્યક્ષશ્રીના અગ્રસચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રી(જળસંપત્તિ)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ, રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ અને નાયબ મંત્રીશ્રીઓ (સર્વે)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- ગુજરાત રાજ્યના સર્વે બોર્ડ-નિગમના અધ્યક્ષશ્રીઓ
- ગુજરાત રાજ્યના સર્વે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ
- ગુજરાત રાજ્યના સર્વે તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ
- સર્વે સંસદસભ્યશ્રીઓ
- સર્વે ધારાસભ્યશ્રીઓ
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલય, ગાંધીનગરના સર્વે વિભાગો
- સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અધિક સચિવશ્રી અને મુખ્ય ઈજનેરશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત રાજ્ય જળસંપત્તિ વિકાસ નિગમ લિ., ગાંધીનગર

- નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ
- નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ
- નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ
- રાજ્યના સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- રાજ્યના સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, રાજકોટ/ અમદાવાદ
- શ્રી નીતિનભાઇ પટેલ - ચેરમેન સ.પ.સ.જ.સં.યો. કાર્યાન્વયન સમિતિ
- શ્રી બાબુભાઇ બોખીરીયા- ચેરમેન સ.પ.સ.જ.સં.યો. કાર્યાન્વયન સમિતિ
- શ્રી ધીરેન પંડ્યા એસોસીયેટસ ચાર્ટડ એકાઉન્ટન્ટ

ઠરાવ ક્રમાંક-સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-ક૨ તા-૧-૪-૨૦૦૫ નું પરિશિષ્ટ

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ૫૦૦ થી વધુ ચેકડેમો થયા હોય તેવા તાલુકાઓની યાદી**

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | અત્યાર સુધીમાં થયેલ ચેકડેમોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | વાંકાનેર | ૫૨૩ |
| ૨ | ભાવનગર | પાલીતાણા | ૫૦૦ |
| ૩ | | ગારીયાધાર | ૬૭૫ |
| ૪ | | બોટાદ | ૬૯૬ |
| ૫ | | ગઢડા | ૧૧૨૦ |
| ૬ | અમરેલી | સાવરકુંડલા | ૭૧૦ |
| ૭ | જુનાગઢ | માળીયા હાટીના | ૫૭૭ |
| ૮ | જામનગર | ધ્રોળ | ૫૦૦ |
| ૯ | | જામજોધપુર | ૧૭૮૮ |
| ૧૦ | | ભાણવડ | ૯૭૨ |
| ૧૧ | સાબરકાંઠા | હિંમતનગર | ૧૦૮૨ |
| ૧૨ | | ઇડર | ૭૦૬ |
| ૧૩ | | વડાલી | ૫૭૧ |
| ૧૪ | પંચમહાલ | ગોધરા | ૫૮૬ |
| ૧૫ | | શહેરા | ૧૦૯૮ |
| ૧૬ | | લુણાવાડા | ૬૨૮ |
| ૧૭ | દાહોદ | ઝાલોદ | ૭૦૫ |
| ૧૮ | | લીમખેડા | ૬૮૬ |
| ૧૯ | ડાંગ | આહવા | ૫૪૩ |